# ગરબા

# અંબા અભય પદ દાયિની રે

અંબા અભય પદ દાયિની રે...
શ્યામા સાંભળજો સાદ ભીડ ભંજની, અંબા અભય પદ દાયિની રે...

હેમ હિંડોળે હિંચકે રે,
હીંચે આરાશુરી માત ભીડ ભંજની, અંબા અભય પદ દાયિની રે...

સંખીઓ સંગાથે કરે ગોઠડી,
આવે આઠમ ની રાત ભીડ ભંજની, અંબા અભય પદ દાયિની રે...

સર્વે આરાશુર ચોક માં રે,
આવો તો રમીએ રાસ ભીડ ભંજની, અંબા અભય પદ દાયિની રે...

એવે સમે આકાશ થી રે,
આવ્યો કરુણ પોકાર ભીડ ભંજની, અંબા અભય પદ દાયિની રે...

કોણે બોલાવી મુજને રે,
કોણે કર્યો મને સાદ ભીડ ભંજની, અંબા અભય પદ દાયિની રે...

મધ દરિયો તોફાન માં,
માડી ડૂબે મારું વહાણ ભીડ ભંજની, અંબા અભય પદ દાયિની રે...

વાયુ ભયંકર ફૂંકતો રે,
વેરી થયો વરસાદ ભીડ ભંજની, અંબા અભય પદ દાયિની રે...

પાણી ભરાણા વહાણ માં રે,
એ કેમ કાઢ્યા જાય ભીડ ભંજની, અંબા અભય પદ દાયિની રે...

આશા ભર્યો હું આવીયો રે,
વહાલા જોતા હશે વાટ ભીડ ભંજની, અંબા અભય પદ દાયિની રે...

હૈયું રહે નહિ હાથ માં રે,
દરિયે વાળ્યો દાટ ભીડ ભંજની, અંબા અભય પદ દાયિની રે...

મારે તમારો આશરો રે,
ધાઓ ધાઓ મમ માત ભીડ ભંજની, અંબા અભય પદ દાયિની રે...

અંબા હિંડોળે થી ઉઠયા રે,
ઉઠયા આરાશુરી માત ભીડ ભંજની, અંબા અભય પદ દાયિની રે...

સખીઓ તે લાગી પુછવા રે,
ક્યાં કીધા પરિયાણ ભીડ ભંજની, અંબા અભય પદ દાયિની રે...

વાત વધુ પછી પુછજો રે,
બાળ મારો ગભરાય ભીડ ભંજની, અંબા અભય પદ દાયિની રે...

ભક્ત મારો ભીડે પડ્યો રે,
હું થી એ કેમ સેહવાય ભીડ ભંજની, અંબા અભય પદ દાયિની રે...

એમ કહી નારાયાણી રે,
સિંહે થયા અસ્વાર ભીડ ભંજની, અંબા અભય પદ દાયિની રે...

ત્રિશુલ લીધું હાથ માં રે,
તાર્યું વણીકનું વહાણ ભીડ ભંજની, અંબા અભય પદ દાયિની રે...

ધન્ય જનેતા આપને રે,
ધન્ય દયાના નિધાન ભીડ ભંજની, અંબા અભય પદ દાયિની રે...

પ્રગટ પરચો આપનો રે,
દયા કલ્યાણ કોઈ ગાય ભીડ ભંજની, અંબા અભય પદ દાયિની રે...

બધી તેની ભાંગજો રે,
સમયે કરજો સહાય ભીડ ભંજની, અંબા અભય પદ દાયિની રે...

અંબા અભય પદ દાયિની રે...

# અંબેમાની ચુંદડી

અંબેમાની ચુંદડી ચુંદડી રે રૂડી ચુંદડી લહેરાય
ચૂંદડીમાં ચમકે આભલા રે રૂડા આભલા રે
રૂડી ચુંદડી લહેરાય.

અંબેમાની ચુંદડી ચુંદડી રે રૂડી ચુંદડી લહેરાય
ચૂંદડીમાં ચમકે તારલા રે રૂડા તારલા રે
રૂડી ચુંદડી લહેરાય.

અંબેમાની ચુંદડી ચુંદડી રે રૂડી ચુંદડી લહેરાય
ચૂંદડીમાં ચમકે હિરલા રે રૂડા હિરલા રે
રૂડી ચુંદડી લહેરાય.

# અમી ભરેલી નજરું રાખો,
# દડવાવાળી માત રે,

અમી ભરેલી નજરું રાખો, દડવાવાળી માત રે,
દર્શન આપો દુખડા કાપો, દડવાવાળી માત રે,
સુખ અંતરમાં વાસ કરોને, દડવાવાળી માત રે,
અમી ભરેલી નજરું રાખો, દડવાવાળી માત રે.

ચરણ કમળમાં શીષ નમાવું, દડવાવાળી માત રે,
દયા કરીને ભક્તિ દેજો, દડવાવાળી માત રે,
તારે ભરોષે જીવન નૈયા હાંકી રહ્યો, દડવાવાળી માત રે,
અમી ભરેલી નજરું રાખો, દડવાવાળી માત રે.

બની સુકાની પાર ઉતારો, દડવાવાળી માત રે,
આશિષ દેજો ઉરમાં રેજો, દડવાવાળી માત રે,
અમી ભરેલી નજરું રાખો, દડવાવાળી માત રે.

# અમે મૈયારા રે

અમે મહિયારા રે... ગોકુળ ગામનાં
મારે મહિ વેચવાને જાવા
મહિયારા રે... ગોકુળ ગામનાં

મથુરાની વાટ મહિ વેચવાને નીસરી
નટખટ એ નંદકિશોર માગે છે દાણ જી
હે... મારે દાણ દેવા, નઇ લેવા, મહિયારા રે... ગોકુળ ગામના

યમુનાને તીર વ્હાલો વાંસળી વગાડતો
ભુલાવી ભાન સાન ઉંઘથી જગાડતો
હે... મારે જાગી જોવું ને જાવું. મહિયારા રે... ગોકુળ ગામનાં

માવડી જશોદાજી કાનજીને વાળો
દુ:ખડા હજાર દીએ નંદજીનો લાલો
હે... મારે દુ:ખ સહેવા, નઇ કહેવા, મહિયારા રે... ગોકુળ ગામનાં

નરસિંહનો નંદકિશોર નાનકડો કાનજી
ઉતારે આતમથી ભવ ભવનો ભાર જી
નિર્મળ હૈયાની વાત કહેવા, મહિયારા રે... ગોકુળ ગામનાં

# આકાશમાંથી ઊતર્યાં રે ભોળી ભવાની મા

આકાશમાંથી ઊતર્યાં રે, ભોળી ભવાની મા.
ઊતર્યાં એવા નોતર્યાં રે, ભોળી ભવાની મા.

ઊતર્યાં ભાઈને ઓરડે રે, ભોળી ભવાની મા.
બેઠાં ઊંચા બારણે રે, ભોળી ભવાની મા.

ખીર ખાંડ ને રોટલી રે, ભોળી ભવાની મા.
મીઠી મજાની પુરણ પોળી રે, ભોળી ભવાની મા.

ઉપર પાપડનો કટકો રે, ભોળી ભવાની મા.
એવો વહુનો લટકો રે, ભોળી ભવાની મા.

ચોખલિયા ખાંડીને થાકી રે, ભોળી ભવાની મા.
કેડ વળીને થઈ ગઈ વાંકી રે, ભોળી ભવાની મા.

જેવા મેંણા ભાઈ ઘેર ભાંગ્યા રે, ભોળી ભવાની મા.
તેવા મેણાં સહુના ભાંગજો રે, ભોળી ભવાની મા.

જેવો પુત્તર ભાઈ ઘેર દીધો રે, ભોળી ભવાની મા.
તેવો પુત્તર સહુને દેજો રે, ભોળી ભવાની મા.

# આવેલ આશા ભર્યા

આશા ભર્યા તે અમે આવિયાં
ને મારે વાલે રમાડ્યા રાસ રે,
આવેલ આશા ભર્યા...... (૨)

શરદપૂનમની રાતડી ને
કાંઈ ચાંદો ચડ્યો આકાશ રે.... આવેલ...

વૃંદા તે વનના ચોકમાં
કાંઈ નામે નટવરલાલ રે.... આવેલ...

જોતાં તે વળતાં થંભિયાં
ઓલ્યા નદિયું કેરા નેર રે.... આવેલ...

અષ્ટકુળ પર્વત ડોલિયા ને
ઓલ્યા ડોલ્યા નવકુળ નાગ રે.... આવેલ...

મે'તા નરસૈયાના સ્વામી શામળિયા
સદા રાખો ચરણની પાસ રે.... આવેલ...

# આસમાની રંગની ચૂંદડી રે

આસમાની રંગની ચૂંદડી રે,
ચૂંદડી રે, માની ચૂંદડી લહેરાય
ચૂંદડીમાં ચમકે ચાંદલા રે,
ચાંદલા રે, માની ચૂંદડી લહેરાય
નવરંગે રંગી ચૂંદડી રે,
ચૂંદડી રે, માની ચૂંદડી લહેરાય
ચૂંદડીમાં ચમકે હીરલા રે,
હીરલા રે, માની ચૂંદડી લહેરાય
શોભે મજાની ચૂંદડી રે,
ચૂંદડી રે, માની ચૂંદડી લહેરાય
ચૂંદડીમાં ચમકે મુખડું રે,
મુખડું રે, માની ચૂંદડી લહેરાય
અંગે દીપે છે ચૂંદડી રે,
ચૂંદડી રે, માની ચૂંદડી લહેરાય
પહેરી ફરે ફેર ફૂદડી રે,
ફેર ફૂદડી રે, માની ચૂંદડી લહેરાય
લહરે પવન ઊડે ચૂંદડી રે,
ચૂંદડી રે, માની ચૂંદડી લહેરાય
આસમાની રંગની ચૂંદડી રે,
ચૂંદડી રે, માની ચૂંદડી લહેરાય

## આસો માસો શરદ પૂનમની રાત

આસો માસો શરદ પૂનમની રાત જો
ચાંદલિયો ઊગ્યો રે સખી મારા ચોકમાં

સસરો મારો ઓલા જનમનો બાપ જો
સાસુ રે ઓલા જનમની માવડી

જેઠ મારો અષાઢીલો મેઘ જો
જેઠાણી ઝબૂકે વાદળ વીજળી

દેર મારો દેરાસરનો દેવ જો
દેરાણી દેરાસર કેરી પૂતળી

નણંદ મારી વાડી માયલી વેલ જો
નણદોઈ મારો પારસ પીપળો

પરણ્યો મારો સગી નણંદનો વીર જો
તાણીને બાંધે નવરંગ પાઘડી

આસો માસો શરદ પૂનમની રાત જો
ચાંદલિયો ઊગ્યો રે સખી મારા ચોકમાં

# ઊંચી તલાવડી ની કોર પાણી ગ્યાતાં

ઊંચી તલાવડી ની કોર પાણી ગ્યાતાં
પાણી ભરતા રે જોયો સાહ્યબો

બોલે અષાઢીનો મોર પાણી ગ્યાતાં
પાણી ભરતા રે જોયો સાહ્યબો.

ગંગા જમની બેડલું ને કીનખાબી ઇંઢોણી
નજરૂ ઢાળી હાલું તો'ય લાગી નજરૂ કોની...ઊંચી...

વગડે ગાજે મુરલી ના શોર, પાણી ગ્યાતાં
પાણી ભરતા રે જોયો સાહ્યબો.

ઊંચી તલાવડી ની કોર પાણી ગ્યાતાં
પાણી ભરતા રે જોયો સાહ્યબો

# એ કે લાલ દરવાજે તંબુ...

એ કે લાલ દરવાજે તંબુ તાણિયા રે લોલ ,

એક અમદાવાદી નગરી, એને ફરતી કોટે કાંગરી,
માણેકચોકના માંહી, ગુર્જરી જોવા હાલી,
હે વહુ તમે ના જશો જોવાને, ત્યાં બાદશો બડો મિજાજી.
એ કે લાલ દરવાજે…. (2)

ત્રણ દરવાજા માંહી બિરાજે ભદ્રકાલી,
માતાના મંદરિયે ગુર્જરી જોવા હાલી,
હે વહુ તમે ના જશો ત્યાં જોવાને, ત્યાં બાદશો બડો
મિજાજી.
એ કે લાલ દરવાજે…. (2)

સીદી સૈયદની જાળી ગુર્જરી જોવા હાલી,
કાંકરીયાનું પાણી ગુર્જરી જોવા હાલી,
હે વહુ તમે ના જશો જોવાને ત્યાં બાદશો બડો મિજાજી.
એ કે લાલ દરવાજે…. (2)

# એક વણઝારી ઝૂલણાં ઝૂલતી'તી

એક વણઝારી ઝૂલણાં ઝૂલતી'તી
મારી અંબેમાના ઝૂલણાં ઝૂલતી'તી

માએ પહેલે પગથીયે પગ મૂક્યો
માની પાની સમાણાં નીર મોરી મા
વણઝારી ઝૂલણાં ઝૂલતી'તી

માએ બીજે પગથીયે પગ મૂક્યો
માના ઘૂંટણ સમાણાં નીર મોરી મા
વણઝારી ઝૂલણાં ઝૂલતી'તી

માએ ત્રીજે પગથીયે પગ મૂક્યો
માના ઢીંચણ સમાણા નીર મોરી મા
વણઝારી ઝૂલણાં ઝૂલતી'તી

માએ ચોથે પગથીયે પગ મૂક્યો
માના સાથળ સમાણાં નીર મોરી મા
વણઝારી ઝૂલણાં ઝૂલતી'તી

માએ પાંચમે પગથીયે પગ મૂક્યો
માની કેડ સમાણાં નીર મોરી મા
વણઝારી ઝૂલણાં ઝૂલતી'તી

માએ છઠ્ઠે પગથીયે પગ મૂક્યો
માની છાતી સમાણાં નીર મોરી મા
વણઝારી ઝૂલણાં ઝૂલતી'તી

માએ સાતમે પગથીયે પગ મૂક્યો
માના ગળાં સમાણાં નીર મોરી મા
વણઝારી ઝૂલણાં ઝૂલતી'તી

માએ આઠમે પગથીયે પગ મૂક્યો
માના કપાળ સમાણાં નીર મોરી મા
વણઝારી ઝૂલણાં ઝૂલતી'તી

માએ નવમે પગથીયે પગ મૂક્યો
માના માથા સમાણાં નીર મોરી મા
વણઝારી ઝૂલણાં ઝૂલતી'તી

# કાન ક્યાં રમી આવ્યા

મથુરામાં ખેલ ખેલી આવ્યા
હો કાન ક્યાં રમી આવ્યા

માથાનો મુગટ ક્યાં મૂકી આવ્યા
સાડી તે કોની ચોરી લાવ્યા
હો કાન ક્યાં રમી આવ્યા

નાકની નથણી ક્યાં મૂકી આવ્યા
વાળી તે કોની ચોરી લાવ્યા
હો કાન ક્યાં રમી આવ્યા

ડોકનો હારલો ક્યાં મૂકી આવ્યા
માળા તે કોની ચોરી લાવ્યા
હો કાન ક્યાં રમી આવ્યા

હાથની પહોંચી ક્યાં મૂકી આવ્યા
કંગન તે કોના ચોરી લાવ્યા
હો કાન ક્યાં રમી આવ્યા

પગનાં ઝાંઝરા ક્યાં મૂકી આવ્યા
સાંકળા તે કોના ચોરી લાવ્યા
હો કાન ક્યાં રમી આવ્યા

પીળુ પીતાંબર ક્યાં મૂકી આવ્યા
સાળુ તે કોના ચોરી લાવ્યા
હો કાન ક્યાં રમી આવ્યા

કાનના કુંડળ ક્યાં મૂકી આવ્યા
એરિંગ તે કોના ચોરી લાવ્યા
હો કાન ક્યાં રમી આવ્યા

મુખની મોરલી ક્યાં મૂકી આવ્યા
ખંજરી તે કોની ચોરી લાવ્યા
હો કાન ક્યાં રમી આવ્યા

મનડું તમારું ક્યાં મૂકી આવ્યા
સુધબુધ તે કોની ચોરી લાવ્યા
હો કાન ક્યાં રમી આવ્યા

મથુરામાં ખેલ ખેલી આવ્યા
હો કાન ક્યાં રમી આવ્યા

# કુમકુમના પગલાં પડ્યાં

કુમકુમના પગલાં પડ્યાં, માડીના હેત ઢળ્યાં
જોવા લોક ટોળે વળ્યાં રે, માડી તારા આવવાના એંધાણ થયાં

માડી તું જો પધાર, સજી સોળે શણગાર
આવી મારે રે દ્વાર, કરજે પાવન પગથાર
દીપે દરબાર, રેલે રંગની રસધાર
ગરબો ગોળ ગોળ ધૂમતો,
થાયે સાકાર, થાયે સાકાર થાયે સાકાર
ચાચરના ચોક ચગ્યાં, દીવડીયા જ્યોત ઝગ્યાં
મનડાં હારોહાર હાલ્યાં રે, માડી તારા આવવાનાં એંધાણ થયાં
કુમકુમના પગલાં પડ્યાં, માડીના હેત ઢળ્યાં
જોવા લોક ટોળે વળ્યાં રે, માડી તારા આવવાના એંધાણ થયાં

મા તું તેજનો અંબાર, મા તું ગુણનો ભંડાર
મા તું દર્શન દેશે તો, થાશે આનંદ અપાર
ભવો ભવનો આધાર, દયા દાખવી દાતાર
કૃપા કરજે અમ રંક, પર થોડી લગાર
થોડી લગાર થોડી લગાર
સૂરજના તેજ તપ્યાં, ચંદ્રકિરણ હૈયે વસ્યાં
તારલિયા ટમ ટમ્યાં રે , માડી તારા આવવાનાં એંધાણ થયાં
કુમકુમના પગલાં પડ્યાં, માડીના હેત ઢળ્યાં
જોવા લોક ટોળે વળ્યાં રે

માડી તારા આવવાના એંધાણ થયાં
તારો ડુંગરે આવાસ, બાણે બાણે તારો વાસ
તારા મંદિરિયે જોગણિયું, રમે રૂડા રાસ
પરચો દેજે હે માત, કરજે સૌને સહાય
માડી હું છું તારો દાસ, તારા ગુણનો હું દાસ
ગુણનો હું દાસ, ગુણનો હું દાસ, માડી તારા નામ ઢળ્યાં
પરચાં તારા ખલકે ચડ્યાં, દર્શનથી પાવન થયાં રે
માડી તારા આવવાના એંધાણ થયાં
કુમકુમના પગલાં પડ્યાં, માડીના હેત ઢળ્યાં
જોવા લોક ટોળે વળ્યાં રે

માડી તારા આવવાના એંધાણ થયાં
એક તારો આધાર, તારો દિવ્ય અવતાર
સહુ માનવ તણા માડી, ભવ તું સુધાર
તારા ગુણલાં અપાર, તું છો સૌનો તારણહાર
કરીશ સૌનું કલ્યાણ, માત સૌનો બેડો પાર
સૌનો બેડો પાર, સૌનો બેડો પાર
માડી તને અરજી કરું, ફુલડાં તારા ચરણે ધરું
નમી નમી પાય પડું રે, માડી તારા આવવાના એંધાણ થયાં
કુમકુમના પગલાં પડ્યાં, માડીના હેત ઢળ્યાં
જોવા લોક ટોળે વળ્યાં રે, માડી તારા આવવાના એંધાણ થયાં

# કેસરિયો રંગ તને

કેસરિયો રંગ તને લાગ્યો રે ગરબા
કેસરિયો રંગ તને લાગ્યો રે લોલ

આસોના નવરાત્ર આવ્યા અલ્યા ગરબા
આસોના નવરાત્ર આવ્યા રે લોલ

ઝીણા ઝીણા જાળિયાં મુકાવ્યાં રે ગરબા
ઝીણા ઝીણા જાળિયાં મુકાવ્યાં રે લોલ

કંકુના સાથિયા પુરાવ્યા રે ગરબા
કંકુના સાથિયા પુરાવ્યા રે લોલ

કોના કોના માથે ફર્યો રે ગરબો
કોના કોના માથે ફર્યો રે લોલ

નાની નાની બેનડીના માથે રે ગરબો
નાની નાની બેનડીના માથે રે લોલ

કેસરિયો રંગ તને લાગ્યો રે ગરબા
કેસરિયો રંગ તને લાગ્યો રે લોલ

ઘૂમતો ઘૂમતો આવ્યો રે ગરબો
ઘૂમતો ઘૂમતો આવ્યો રે લોલ

હરતો ને ફરતો આવ્યો રે આરાસુર
હરતો ને ફરતો આવ્યો રે લોલ

મા અંબાએ તને વધાવ્યો રે ગરબા
મા અંબાએ તને વધાવ્યો રે લોલ

હરતો ને ફરતો આવ્યો રે પાવાગઢ
હરતો ને ફરતો આવ્યો રે લોલ

મા કાળીએ તને વધાવ્યો રે ગરબા
મા કાળીએ તને વધાવ્યો રે લોલ

હરતો ને ફરતો આવ્યો માટેલ ગામ
હરતો ને ફરતો આવ્યો રે લોલ

મા ખોડિયારે તને વધાવ્યો રે ગરબા
મા ખોડિયારે તને વધાવ્યો રે લોલ

હરતો ને ફરતો આવ્યો શંખલપુર
હરતો ને ફરતો આવ્યો રે લોલ

મા બહુચરે તને વધાવ્યો રે ગરબા
મા બહુચરે તને વધાવ્યો રે લોલ

કેસરિયો રંગ તને લાગ્યો રે ગરબા
કેસરિયો રંગ તને લાગ્યો રે લોલ

# ખેલ ખેલ રે ભવાની મા

ખેલ ખેલ રે ભવાની મા, જય જય અંબે મા૦

મારી અંબા માને કાજે રે જય જય અંબે મા૦
બાળી બહુચરના કાજે રે જય જય અંબે મા૦

મારી બુટ માને કાજે રે જય જય અંબે મા૦
કાળી કાળકા માને  કાજે રે જય જય અંબે મા૦

માનાં નોરતા આવ્યા રે જય જય અંબે મા૦
સહુ ગોરીના મનને ભાવ્યા રે જય જય અંબે મા૦

ઘેર ઘેર ગરબા ગાયે રે જય જય અંબે મા૦
ચાચર ચાંદનીઓ બંધાયે રે જય જય અંબે મા૦

તેમાં  શોભા  ઘણી  થાયે રે જય જય અંબે મા૦
માને સેવક ચાચર લાવે રે જય જય અંબે મા૦

માજી ચાચર રમવા આવે રે જય જય અંબે મા૦
માજી શણગાર સજી આવે રે જય જય અંબે મા૦

માજી રૂમઝુમતા આવે રે જય જય અંબે મા૦
માજી ગરબો લઈને આવે રે જય જય અંબે મા૦

ભક્તો દર્શન કાજે આવે રે જય જય અંબે મા૦
માના ગરબા જે કોઈ ગાવે રે જય જય અંબે મા૦

માજી તેને પ્રસન્ન થાયે રે જય જય અંબે મા૦
તેના પાપો પ્રલય થાયે રે જય જય અંબે મા૦

તેને સુખ સંપત્તિ આપે રે જય જય અંબે મા૦
તેનાં વંશમાં વૃદ્ધિ રાખે રે જય જય અંબે મા૦

માજી સહાય તેને કોણ ચાખે રે જય જય અંબે મા૦
તેના વિઘ્ન માજી કાપે રે જય જય અંબે મા૦

તેને સુખ શાંતિ મા આપે રે જય જય અંબે મા૦
તેને વૈકુંઠ વાસ આપે રે જય જય અંબે મા૦

# ગગનમંડળ કરી ગાગરીરે મા

ગગનમંડળ કરી ગાગરીરે મા,
સકલ શોભા ભરી રે મા.

આપે ભવાની ઉમંગ શું રે મા,
રાસ રમે મધ્યરંગ શું રે મા.

નવગ્રહોમાં સૌથી વડો રે મા,
આદિત્ય અખંડ કર્યો દિવડો રે મા.

જળહળ જ્યોતિ બિંબ ગોળશું રે મા,
આદિત્ય અખંડ કર્યો દિવડો રે મા.

# ગગનમંડળની ગાગરડી

ગગનમંડળની ગાગરડી, ગુણ ગરબી રે,
તેણી રમિ ભવાની રાસ, ગાઉં ગુણ ગરબી રે;

દિનમણિ સૂર્ય દીપક, ગુણ ગરબી રે,
માંહિ ચંદ્ર તણું પરકાસ, ગાઉં ગુણ ગરબી રે;

પૃથ્વીપાત્ર ત્યાંહા કોડી, ગુણ ગરબી રે,
વાતી પરવત મેર, ગાઉં ગુણ ગરબી રે;

સાતિ સાગર તેલ ભર્યું, ગુણ ગરબી રે,
માંહિ મુગતાફલ ચુફેર, ગાઉં ગુણ ગરબી રે;

# ઘોર અંધારી રે રાતલડીમાં

ઘોર અંધારી રે રાતલડીમાં નીકળ્યા ચાર અસવાર
ઘોર અંધારી રે રાતલડીમાં નીકળ્યા ચાર અસવાર

લીલે ઘોડે રે કોણ ચડે મા રાંદલનો અસવાર
રાંદલ માવડી રે રણે ચડ્યાં મા સોળ સજી શણગાર
સવા મણનું રે સુખલડું મા અધમણની કુલેર
રમજો રમજો રે ગોરણિયું તમે રમજો સારી રાત

ઘોર અંધારી રે રાતલડીમાં નીકળ્યા ચાર અસવાર

કાળે ઘોડે રે કોણ ચડે મા કાળકાનો અસવાર
કાળકા માવડી રે રણે ચડ્યાં મા સોળ સજી શણગાર
સવા મણનું રે સુખલડું મા અધમણની કુલેર
રમજો રમજો રે ગોરણિયું તમે રમજો સારી રાત

ઘોર અંધારી રે રાતલડીમાં નીકળ્યા ચાર અસવાર

ધોળે ઘોડે રે કોણ ચડે મા બહુચરનો અસવાર
બહુચર માવડી રે રણે ચડ્યાં મા સોળ સજી શણગાર

સવા મણનું રે સુખલડું મા અધમણની કુલેર
રમજો રમજો રે ગોરણિયું તમે રમજો સારી રાત

ઘોર અંધારી રે રાતલડીમાં નીકળ્યા ચાર અસવાર

રાતે ઘોડે રે કોણ ચડે મા હર્ષદનો અસવાર
હર્ષદ માવડી રે રણે ચડ્યાં મા સોળ સજી શણગાર
સવા મણનું રે સુખલડું મા અધમણની કુલેર
રમજો રમજો રે ગોરણિયું તમે રમજો સારી રાત

ઘોર અંધારી રે રાતલડીમાં નીકળ્યા ચાર અસવાર
ઘોર અંધારી રે રાતલડીમાં નીકળ્યા ચાર અસવાર

# ઘોર અંધારી રે રાતલડીમાં આવી તારે દ્વાર

હે... અંધારી આંખોમાં દિવડો પ્રગટાવો અંબા માડી,
તું મહામાયા રાખણહારી કરજો માડી રખવાળી...
તમે કરજો માડી રખવાળી.
તું નહીં એને દૃષ્ટિ દે તો શ્રદ્ધાદીપ બુઝાશે,
આશા નહીં રહે કોઈને તુજમાં ના થાવાનું થાશે...
માડી, પછી ના થાવાનું થાશે.
હે... હું ઢોલ છેડતો ખપી જઈશ મા, તારા ચાચરચોકે,
'માએ વાત ન માની નીજ ભક્તની'- વાતો રહી જાશે લોકે...
વાતો રહી જાશે લોકે... એવી વાતો રહી જાશે લોકે.

ઘોર અંધારી રે રાતલડીમાં આવી તારે દ્વાર,
મા તારા મંદિરિયાનાં ઝરુખડે તો પ્રગટ્યા દીપ અપાર;
મા હું તો આંધળી રે મારી આંખડીયુંમાં દ્યો જ્યોતિ ઝબકાર,
કર મુને દેખતી રે કે જોઈ શકું મા અંબાનો અવતાર.
ઘોર અંધારી રે...

હે છપ્પન ભોગનાં થાળ ધરું પણ આંખોમાં અંધારું,
રમતું શ્રીફળ, ચુંદડી, કંકુથી કેમ કરું પૂજન તારું ?
દેવી મને દૃષ્ટિ દો તો જોઈ શકું મા ખોડલનો શણગાર.
ઘોર અંધારી રે...

હે ખોળો પાથરી માંગુ છું મા દેવી છો દાતાર,
મારા ઝાંઝરિયામાં ઝણકાવો તમે ઝાંઝરનો ઝણકાર,
મા મહાકાળી છો ચંડિકા બહુચર દેવીનો દરબાર.
ઘોર અંધારી રે...

- છંદ -

હે... રટન જળકળ, મુકુટ શિરધર, સિંહ શોભત અંબિકા,
ભાલ ચલકત, પાય ચલકત, ખડગ કરધર ચંડિકા,
મા રૂપ રૂડા, હાથ ચૂડા, લાલ લોચન બહુચરી,
મહાકાલકર જય (?) સર્વદા તું મહામયા ઈશ્વરી...

# ચપટી ભરી ચોખા ને ઘીનો છે દીવડો...

ચપટી ભરી ચોખા ને ઘીનો છે દીવડો
શ્રીફળની જોડ લઈએ રે....
હાલો હાલો પાવાગઢ જઈએ રે...

માને મંદિરીયે સુથારી આવે,
સુથારી આવે માના બાજોઠ લઈ આવે,
બાજોઠની જોડ લઈને રે... હાલો....

માને મંદિરીયે કસુંબી આવે,
કસુંબી આવે માની ચૂંદડી લઈ આવે,
ચૂંદડીની જોડ અમે લઈએ રે..... હાલો...

માને મંદિરીયે સોનીડો આવે,
સોનીડો આવે માના ઝાંઝર લઈ આવે,
ઝાંઝરની જોડ અમે લઈએ રે... હાલો....

માને મંદિરીયે માળીડો આવે,
માળીડો આવે, માના ગજરા લઈ આવે,
ગજરાની જોડ અમે લઈએ રે.... હાલો....

માને મંદિરીયે ઘાંચીડો આવે,
ઘાંચીડો આવે માના દીવડાં લઈ આવે,
દીવડાની જોડ અમે લઈએ રે.... હાલો....

# ચોખલિયાળી ચૂંદડી

ચોખલિયાળી ચૂંદડી મા ગરબે ઘૂમવા આવો ને
રંગ રઢિયાળી રાત મા ગરબે ઘૂમવા આવો ને

સોળે શણગાર સોહે
માડીમાં મન મારું મોહે
અનંતની ઓઢી ઓઢણી મા ગરબે ઘૂમવા આવો ને

ચોખલિયાળી ચૂંદડી મા ગરબે ઘૂમવા આવો ને
રંગ રઢિયાળી રાત મા ગરબે ઘૂમવા આવો ને

ગગનગોખમાં ગરબે ઘૂમે તારલિયું રળિયાત
સંગે શોભે નાથ સુધાકર પૂનમ કેરી રાત મા ગરબે ઘૂમવા આવો ને

ચોખલિયાળી ચૂંદડી મા ગરબે ઘૂમવા આવો ને
રંગ રઢિયાળી રાત મા ગરબે ઘૂમવા આવો ને

ચોરે ને ચૌટે માનાં કંકુ વેરાણાં
ગોખે ગોખે જ્યોતિ ઝબકે છાંટણાં છંટાયા
તાળી કેરા તાલે માડી ગરબે ઘૂમવા આવો ને

ચોખલિયાળી ચૂંદડી મા ગરબે ઘૂમવા આવો ને
રંગ રઢિયાળી રાત મા ગરબે ઘૂમવા આવો ને

# જાગતી છે જોગમાયા

ખમ્મા રે ખોડીયાર માવડી તને લળી લળી લાગું પાય,
હે માડી તું તો જાગતી છે જોગમાયા.
દશે દિશાએ તારી નામના ને તારો ગાજે છે જયજયકાર (૨)
હે માડી તું તો જાગતી છે જોગમાયા.
આશા ભર્યા તારે આંગણે સૌ આવે છે નર ને નાર (૨)
હે માડી તું તો જાગતી છે જોગમાયા.
મનમાન્યું તું આપતી ને તારો મહિમા અપરંપાર (૨)
હે માડી તું તો જાગતી છે જોગમાયા.
સુખની સાગર માવડી ને તું તો નોધારાની આધાર (૨)
હે માડી તું તો જાગતી છે જોગમાયા.
નિજ ભક્તોના કારણે તું તો દોડી આવે તત્કાળ (૨)
હે માડી તું તો જાગતી છે જોગમાયા.
બિન્દુ તારો વિનવે માડી ઉતારો ભવપાર (૨)
હે માડી તું તો જાગતી છે જોગમાયા.

# જુગ જુગ જીવો મા રાંદલ

અનંત કૃપાળી દીન-દયાળી
ભક્તોના દુઃખ હરનારી,
જુગ જુગ જીવો મા રાંદલ જુગ જુગ જીવો મા

કુમ કુમ તિલક શોભે મા
ભક્તો આવે તારા દર્શન કરવા
દુઃખીયાના દુઃખ હરનારી
જુગ જુગ જીવો મા રાંદલ જુગ જુગ જીવો મા

અંબા નામના અમી રસ પીધા
પાપીને તમે પાવન કીધા
પતિત પાવન પાવનકારી
જુગ જુગ જીવો મા રાંદલ જુગ જુગ જીવો મા

જગત જનની જગદંબા માતા
ભક્તોની માતા ભાગ્યવિધાતા
દશે દિશામાં તમારો જયજયકાર
જુગ જુગ જીવો મા રાંદલ જુગ જુગ જીવો મા

# ઝૂલે ઝૂલે છે ગબ્બરની માત

ઝૂલે ઝૂલે છે ગબ્બરની માત અંબા ઝૂલે છે (2)
માને ઝૂલે તે ઝૂલવાની હોંશ ઘણી
ભક્તો ઝૂલાવે ખમ્મા ખમ્મા કહી
ભક્તો ગાયે ને ખુશી થાય અંબા ઝૂલે છે, ઝૂલે ઝૂલે છે
માને દરવાજે નોબત ગડ ગડે
વળી શરણાયુંના સૂર સાથે ભળે
રાસ મસ્તીના સૂર સંભળાય અંબા ઝૂલે છે, ઝૂલે ઝૂલે છે
માએ સોળ આભૂષણ અંગે ધર્યાં
ભાલે કુમકુમ કેસરના અર્ચન કર્યાં
હાથે ખડગ ત્રિશુલ સોહાય અંબા ઝૂલે છે, ઝૂલે ઝૂલે છે
માને તેજે ભાનુ દેવ ઝાંખા પડે
બ્રહ્મા, વિષ્ણુ, સદાશીવ જેવા ભજે
માની સૌ દેવો આરતી ગાય અંબા ઝૂલે છે, ઝૂલે ઝૂલે છે
માજી ચાલે ત્યાં કુમકુમનાં પગલાં પડે
માજી બોલે ત્યાં મુખડેથી ફૂલડાં ઝરે
ભક્તો જોઈને વિસરે ભાન અંબા ઝૂલે છે, ઝૂલે ઝૂલે છે
માના સોના-હીંડોળે રત્નો જડ્યાં
માંએ સાચાં મોતીના તોરણ બાંધ્યાં
મહીં ઝળકે છે તેજ અપાર અંબા ઝૂલે છે, ઝૂલે ઝૂલે છે
આજ શોભા આરાસુરની નવલી બની
આવો આવો સૌ નર નારી સાથે મળી
ગરબો ગાયે ને મા ખુશી થાય અંબા ઝૂલે છે
ઝૂલે ઝૂલે છે ગબ્બરની માત અંબા ઝૂલે છે

# ઢોલિડા ઢોલ તું ધીમે વગાડ ના

ઢોલીડા ઢોલ તું ધીમે વગાડ ના, ધીમે વગાડ ના
રઢિયાળી રાતડીનો જોજે રંગ જાય ના, જોજે રંગ જાય ના

ધ્રૂજે ના ધરતી તો રમઝટ કહેવાય ના, રમઝટ કહેવાય ના
રઢિયાળી રાતડીનો જોજે રંગ જાય ના, જોજે રંગ જાય ના

પૂનમની રાતડી ને આંખડી ઘેરાય ના, આંખડી ઘેરાય ના
રઢિયાળી રાતડીનો જોજે રંગ જાય ના, જોજે રંગ જાય ના

હો....ચમકતી ચાલ અને ઘૂઘરી ઘમકાર
હો....નૂપુરના નાદ સાથે તાળીઓના તાલ

ગરબે ઘૂમતા માંને કોઈથી પહોંચાયના, કોઈથી પહોંચાય ના
રઢિયાળી રાતડીનો જોજે રંગ જાય ના, જોજે રંગ જાય ના

હો....વાંકડિયા વાળ અને ટીલડી લલાટ
હો....મોગરાની વેણીમાં શોભે ગુલાબ

નીરખી નીરખીને મારું મનડું ધરાય ના, મનડું ધરાય ના
રઢિયાળી રાતડીનો જોજે રંગ જાય ના, જોજે રંગ જાય ના

હો....સોળે શણગાર સજી, રૂપનો અંબાર બની
હો....પ્રેમનું આંજણ આંજી, આવી છે માડી મારી

આછી આછી ઓઢણીમાં રૂપ માંનુ માય ના, તેજ માંનુ માય ના
રઢિયાળી રાતડીનો જોજે રંગ જાય ના, જોજે રંગ જાય ના

ઢોલીડા ઢોલ તું ધીમે વગાડ ના, ધીમે વગાડ ના
રઢિયાળી રાતડીનો જોજે રંગ જાય ના, જોજે રંગ જાય ના

# તું કાળી ને કલ્યાણી રે મા

તું કાળી ને કલ્યાણી રે મા, જ્યાં જોઉં ત્યાં જોગમાયા
તું ચારે યુગમાં ગવાણી રે મા, જ્યાં જોઉં ત્યાં જોગમાયા

તને પહેલાં તે યુગમાં જાણી રે મા, જ્યાં જોઉં ત્યાં જોગમાયા
તું શંકરની પટરાણી રે મા, જ્યાં જોઉં ત્યાં જોગમાયા
તું ભસ્માસુર હરનારી રે મા, જ્યાં જોઉં ત્યાં જોગમાયા

તને બીજા તે યુગમાં જાણી રે મા, જ્યાં જોઉં ત્યાં જોગમાયા
તું હરિશ્ચંદ્ર ઘરે પટરાણી રે મા, જ્યાં જોઉં ત્યાં જોગમાયા
તું તો સત્ય કારણ વેચાણી રે માં, જ્યાં જોઉં ત્યાં જોગમાયા

તને ત્રીજા તે યુગમાં જાણી રે મા, જ્યાં જોઉં ત્યાં જોગમાયા
તું રામચંદ્ર ઘેર પટરાણી રે મા, જ્યાં જોઉં ત્યાં જોગમાયા
તું રાવણને રોળનારી રે મા, જ્યાં જોઉં ત્યાં જોગમાયા

તને ચોથા તે યુગમાં જાણી રે મા, જ્યાં જોઉં ત્યાં જોગમાયા
તું પાંડવ ઘેર પટરાણી રે મા, જ્યાં જોઉં ત્યાં જોગમાયા
તું કૌરવકુળ હણનારી રે મા, જ્યાં જોઉં ત્યાં જોગમાયા

તું કાળી ને કલ્યાણી રે મા, જ્યાં જોઉં ત્યાં જોગમાયા

# નટવર નાનો રે

નટવર નાનો રે કાનો રમે છે મારી કેડમાં

નંદકુંવર શ્યામકુંવર લાલકુંવર
ફુલકુંવર નાનો રે ગેડીદડો કાનાના હાથમાં
નટવર નાનો રે કાનો રમે છે મારી કેડમાં

ક્યો તો ગોરી ચિત્તળની ચૂંદડી મંગાવી દઉં
ચૂંદડીનો વહોરનાર રે કાનો રમે છે મારી કેડમાં
નટવર નાનો રે કાનો રમે છે મારી કેડમાં

ક્યો તો ગોરી નગરની નથડી મંગાવી દઉં
નથડીનો વહોરનાર રે કાનો રમે છે મારી કેડમાં
નટવર નાનો રે કાનો રમે છે મારી કેડમાં

ક્યો તો ગોરી ઘોઘાના ઘોડલા મંગાવી દઉં
ઘોડલાનો વહોરનાર રે કાનો રમે છે મારી કેડમાં
નટવર નાનો રે કાનો રમે છે મારી કેડમાં

ક્યો તો ગોરી હાલારના હાથીડા મંગાવી દઉં
હાથીડાનો વહોરનાર રે કાનો રમે છે મારી કેડમાં
નટવર નાનો રે કાનો રમે છે મારી કેડમાં

નટવર નાનો રે કાનો રમે છે મારી કેડમાં
નટવર નાનો રે કાનો રમે છે મારી કેડમાં

# નદી કિનારે નાળિયેરી

નદી કિનારે નાળિયેરી રે ભાઈ નાળિયેરી રે
હો મારે કાળકા માને કાજ રે ભાઈ નાળિયેરી રે

પહેલું તે નાળિયેર નવરંગી રે ભાઈ નાળિયેરી રે
હો મારે કાળકા માને કાજ રે ભાઈ નાળિયેરી રે
નદી કિનારે નાળિયેરી રે ભાઈ નાળિયેરી રે

બીજું તે નાળિયેર નવરંગી રે ભાઈ નાળિયેરી રે
હો મારે બહુચર માને કાજ રે ભાઈ નાળિયેરી રે
નદી કિનારે નાળિયેરી રે ભાઈ નાળિયેરી રે

ત્રીજું તે નાળિયેર નવરંગી રે ભાઈ નાળિયેરી રે
હો મારે અંબા માને કાજ રે ભાઈ નાળિયેરી રે
નદી કિનારે નાળિયેરી રે ભાઈ નાળિયેરી રે

ચોથું તે નાળિયેર નવરંગી રે ભાઈ નાળિયેરી રે
હો મારે મેલડી માને કાજ રે ભાઈ નાળિયેરી રે
નદી કિનારે નાળિયેરી રે ભાઈ નાળિયેરી રે

પાચમું તે નાળિયેર નવરંગી રે ભાઈ નાળિયેરી રે
હો મારે ખોડીયાર માને કાજ રે ભાઈ નાળિયેરી રે
નદી કિનારે નાળિયેરી રે ભાઈ નાળિયેરી રે

છઠ્ઠું તે નાળિયેર નવરંગી રે ભાઈ નાળિયેરી રે
હો મારે ચામુંડાને કાજ રે ભાઈ નાળિયેરી રે
નદી કિનારે નાળિયેરી રે ભાઈ નાળિયેરી રે

નદી કિનારે નાળિયેરી રે ભાઈ નાળિયેરી રે
હો મારે કાળકા માને કાજ રે ભાઈ નાળિયેરી રે

# નવલા તે આવ્યા માનાં નોરતા

નવલા તે આવ્યા માનાં નોરતા,
ને નવ દહાડા, રૂડી નવરાત આવ્યા નોરતાં,
સ્થાપન કરાવું કોરો કુંભ ભરાવું,
જ્વારા વવરાવું માના પૂજન કરાવું.
મારી શેરીએ ફૂલડાં વેરાવો કે,
રંગોળી પુરાવું કે રંગોળી પુરાવું. આવ્યા નોરતા૦

સોનાનો ગરબો રૂપલા ઈંઢોણી,
રાસે રમવાને આવો રન્નાદે રાણી,
કહો તો રઢિયાળા રાસ રચાવું કે,
માંડવો સજાવું કે માંડવો સજાવું. આવ્યા નોરતાં૦

રૂડા રમવાને રાસ આવ્યાં અલબેલી માત,
ઘૂમી ગરબાને ગાય, વાગે ઝાંઝરિયા પાય,
શો લહેકો ને શું એનું ગાવું કે,
ત્રિભુવન ડોલાવ્યું ત્રિભુવન ડોલાવ્યું. આવ્યા નોરતાં૦

મુખ મીઠું મલકાય ઝાંખો ચાંદલીયો થાય,
માનો પાલવ લહેરાય ચંદા ચોકે પછરાય,
જીતુ જોતામાં ભાન ભૂલી જાઉં કે,
ફૂલ્યો ન સમાઉં કે ફૂલ્યો ન સમાઉં. આવ્યા નોરતાં૦

# નાગર નંદજીના લાલ

નાગર નંદજીના લાલ !
રાસ રમંતાં મારી નથણી ખોવાણી.

કાના ! જડી હોય તો આલ
રાસ રમંતાં મારી નથણી ખોવાણી... નાગર નંદજીના લાલ !

નાની નાની નથણી ને માંહી જડેલા હીરા,
નથણી આપો ને મારા સુભદ્રાના વીરા... નાગર નંદજીના લાલ !

નાનેરી પહેરું તો મારે નાકે ના સોહાય,
મોટેરી પહેરું તો મારા મુખપર ઝોલાં ખાય... નાગર નંદજીના લાલ !

વૃંદાવનની કુંજગલીમાં બોલે ઝીણા મોર
રાધાજીની નથણીનો શામળિયો છે ચોર... નાગર નંદજીના લાલ !

નથણી આપોને પ્રભુ નંદના કુમાર,
**નરસૈંયા**ના સ્વામી ઉપર જાઉં બલિહાર... નાગર નંદજીના લાલ !

# ભીડભંજની

શ્યામા સાંભળજો સાદ ભીડભંજની
અંબા અભયપદ દાયિની રે

અંબા અનાથોના નાથ ભીડભંજની
હેમ હિંડોળે હીંચતી રે

હીંચકે આરાસુરી માત ભીડભંજની
સખીઓ સંગાથે ગોઠડી રે

આવી આઠમની રાત ભીડભંજની
અંબા અભયપદ દાયિની રે

સર્વે આરાસુરી ચોકમાં રે

આવો તો રમીએ રાસ ભીડભંજની
એવે સમે આકાશથી રે

આવ્યો કરુણ પોકાર ભીડભંજની
કોણે બોલાવી મુજને રે

કોણે કર્યો મુને સાદ ભીડભંજની
મધ દરિયે તોફાનમાં રે

માડી ડૂબે મારું વ્હાણ ભીડભંજની
અંબા અભયપદ દાયિની રે

કીધી કમાણી શું કામની રે

જાવા બેઠા જ્યાં પ્રાણ ભીડભંજની
વાયુ ભયંકર ફૂંકતો રે

આ વેરી થયો વરસાદ ભીડભંજની
પાણી ભરાણાં વ્હાણમાં રે

એ કેમ કાઢ્યા જાય ભીડભંજની
આશાભર્યો હું તો આવિયો રે

વ્હાલા જોતાં હશે વાટ ભીડભંજની
અંબા અભયપદ દાયિની રે

હૈયું રહે નહિ હાથમાં રે

આજ દરિયે વાળ્યો દાટ ભીડભંજની મારે તમારો આશરો રે

આવો આવોને મોરી માત ભીડભંજની
અંબા હિંડોળેથી ઊતર્યાં રે

ઊતર્યાં આરાસુરી માત ભીડભંજની
સખીઓ તે લાગી પૂછવા રે

તમે ક્યાંરે કીધાં પરિયાણ ભીડભંજની
અંબા અભયપદ દાયિની રે

વાત વધુ પછી પૂછજો રે

આજ બાળ મારો ગભરાય ભીડભંજની
ભક્ત મારો ભીડ પડિયો રે

હવે મારાથી કેમ ખમાય ભીડભંજની
કેમ કરી નારાયણી રે

સિંહે થયા અસવાર ભીડભંજની
ત્રિશૂળ લીધું હાથમાં રે

એવું તાર્યું વણિકનું વ્હાણ ભીડભંજની
અંબા અભયપદ દાયિની રે

એવું અમારું તારજો રે

માતા છો દીનદયાળ ભીડભંજની
ધન્ય જનેતા આપને રે

ધન્ય દયાના નિધાન ભીડભંજની
પ્રગટ પરચો આપનો રે

દયા કલ્યાણ ગુણ ગાય ભીડભંજની
ભીડ સેવકની ભાંગજો રે

આ સમરે કરજો સહાય ભીડભંજની
અંબા અભયપદ દાયિની રે
અંબા અભયપદ દાયિની રે

# મણિયારો તે હલું હલું

હાં...મણિયારો તે મણિયારો તે
હલુ હલુ થઈ રે વિયો રે...

મુઝા દલડાં ઉદાસીમાં હોય રે
છેલ મુઝો, વરગાણી મણિયારો
હે છેલ મુઝો, પરદેશી મણિયારો... મણિયારો

હાં........મણિયારો તે કળાયેલ મોરલો રે
કાંઈ હું રે ઢળકતી ઢેલ રે
છેલ મુઝો, વરગાણી મણિયારો.... મણિયારો

હાં........મણિયારો તે મહેરામણ મીઠડો
કંઈ હું તો સમદરિયાની લહેર રે
હેલ મુઝો, હાલારી મણિયારો... મણિયારો

હાં........મણિયારો જી અષાઢી મેહુલો રે
કાંઈ હું તો વાદળ કેરી વીજ રે
હેલ મુઝો, હાલારી મણિયારો... મણિયારો

હાં……..અણિયાળી રે ગોરી તારી આંખડી રે
હાં રે આંજેલ એમાં મેશ રે
હેલ મુઝો, વરણાગી મણિયારો
હેલ મુઝો, હાલારી મણિયારો… મણિયારો

હાં……..મણિયારો તે અડાબીડ આંબલો ને
કાંઈ હું રે કોયલડીનો કંઠ રે
છેલ મુઝો, હાલારી મણિયારો
હે છેલ મુઝો, પરદેશી મણિયારો… મણિયારો

હાં……..પનિહારીનું ઢળકતું બેડલું રે
કાંઈ હું રે, છલકતું એમાં નીર રે
છેલ મુઝો, વરણાગી મણિયારો
છેલ મુઝો, હાલારી મણિયારો… મણિયારો

# મા પાવા તે ગઢથી

મા પાવા તે ગઢથી ઊતર્યા, મા કાળી રે
માએ વસાવ્યું ચાંપાનેર, પાવાગઢવાળી રે

મા ચાંપા તે નેરના ચાર ચૌટા મા કાળી રે
સોનીએ માંડ્યાં હાટ, પાવાગઢવાળી રે
મા પાવા તે ગઢથી ઊતર્યા, મા કાળી રે

મા સોનીડો લાવે રૂડાં ઝૂમણાં, મા કાળી રે
મારી મા અંબેમાને કાજ, પાવાગઢવાળી રે
મા પાવા તે ગઢથી ઊતર્યા, મા કાળી રે

મા માળી તે આવે મલપતો, મા કાળી રે
એ તો લાવે છે ગજરાની જોડ, પાવાગઢવાળી રે
મા પાવા તે ગઢથી ઊતર્યા, મા કાળી રે

મા કુંભારી આવે મલપતો, મા કાળી રે
એ તો લાવે છે ગરબાની જોડ, પાવાગઢવાળી રે
મા પાવા તે ગઢથી ઊતર્યા, મા કાળી રે

મા સુથારી આવે મલપતો, મા કાળી રે
એ તો લાવે છે બાજઠની જોડ, પાવાગઢવાળી રે
મા પાવા તે ગઢથી ઊતર્યા, મા કાળી રે

મા ગાય શીખે ને જે સાંભળે, મા કાળી રે
તેની અંબામા પૂરજો આશ, પાવાગઢવાળી રે
મા પાવા તે ગઢથી ઊતર્યા, મા કાળી રે

# મા, તું પાવાની પટરાણી

મા, તું પાવાની પટરાણી કે, કાળી કાલિકા રે લોલ.
મા, તારો ડુંગરડે છે વાસ કે, ચડવું, દોહ્યલું રે લોલ.
મા, તારો મંડપની શોભાય કે, મુખથી શી કહું રે લોલ.
મા,ત્યાં તપ કરતા દીઠા કે, વિશ્વા મિત્ર ઋષિ રે લોલ.
મા, તારા ડાબાજમણા કુંડ કે, ગંગાજમના સરસ્વતી રે લોલ.
મા,તારાં કૂકડિયાં દશવીશ કે, કોઈ રણમાં ચઢે રે લોલ.

લીધાં ખડ્ગ ને ત્રિશૂલ કે, અસુરને મારિયો રે લોલ.
ફાટી ઉદર નીકળ્યામ્ ભાર કે, અસુરને હાથે હણ્યો રે લોલ.
આવી નોરતાંની નવરાત્ર કે, મા ગરબે રમે રે લોલ.
માએ છૂટા મેહેલ્યા કેશ કે, કૂદડી બહુ ફરે રે લોલ.
માજીએ સો સો સજ્યા શણગાર કે , રમિયાં રંગમાં રે લોલ.
ઓઢી અંબર કેરી જોડ કે, ચરણા ચૂંદડી રે લોલ.
માએ કરી કેસરને આડ કે, વચમાં ટીલડી રે લોલ.
સેંથે ભરિયો છે સિંદૂર કે, વેણ કાળી નાગણી રે લોલ.
માને દાંતે સોનાની રેખ કે, ટીલીની શોભા ઘણી રે લોલ.
પાયે ઝાંઝરનો ઝમકાર કે, વાગે ઘૂઘરા રે લોલ.
ચોસઠ બહેનો મળી છે ત્યાંય કે, શણગાર શોભા ઘણી રે લોલ.
આવું રૂડું ચૌટું ચાંપાનેર કે, વચમાં ચોક છે રે લોલ.

ગરબો ગાયે છે વલ્લભ કે, સેવક માનો રહી રે લોલ.
માજી આપજો અવિચળ વાણ કે, બુદ્ધિ છે નહીં રે લોલ.

# માં અંબા તે રમવા નીસર્યા

માં અંબા તે રમવા નીસર્યા દેવી અન્નપૂર્ણા,
મા શો લીધો શણગાર રે ... દેવી.
મા પાવાની પટરાણી રે ... દેવી.
મા દાતે લેવરાવ્યું દાણ રે ... દેવી.
મા લીલાવટ દીવડી શોભતી .. દેવી.
મા દામણી રત્નજડાવ રે .. દેવી.
મા કાને કનક ફૂલ શોભતા .. દેવી.
મા ઝાંઝારનો ઝણકાર રે .. દેવી.
મા કોટે તે પાટિયાં હેમના .. દેવી.
મા કંડીઓ રત્નજડાવ રે .. દેવી.
મા બાંયે બાજુબંધ બેરખાં .. દેવી.
માને દશે આંગળીએ વેઢ રે .. દેવી.
મા લીલા તે ગજનું કાપડું .. દેવી.

મા છાયલ રાતી કોર રે .. દેવી.
મા ફૂલઝરનો ઘાઘરો .. દેવી.
મા ઓઢણી કસુંબલ ઘાટ રે .. દેવી.
મા પગે તે કડલાં શોભતા .. દેવી.
મા કાંબીઓ રત્નજડાવ રે .. દેવી.
મા ગાય અને જે સાંભળે .. દેવી.
તેની અંબા પૂરે આશ રે .. દેવી.
ભટ્ટ વલ્લભ મા તાહરો .. દેવી.
મા જન્મોજનમનો દાસ રે .. દેવી.

# માએ કાચા સુતરનો બાંધ્યો હિંચકો રે લોલ

માએ કાચા સુતરનો બાંધ્યો હિંચકો રે લોલ,
મારી અંબેમા હીંચવા આવો હિંડોળો મારો હેમનો રે લોલ.

માએ કાચા સુતરનો બાંધ્યો હિંચકો રે લોલ,
મારી ખોડલમા હીંચવા આવો હિંડોળો મારો હેમનો રે લોલ.

માએ કાચા સુતરનો બાંધ્યો હિંચકો રે લોલ,
મારી ચામુંડમા હીંચવા આવો હિંડોળો મારો હેમનો રે લોલ.

માએ કાચા સુતરનો બાંધ્યો હિંચકો રે લોલ,
મારી રાંદલમા હીંચવા આવો હિંડોળો મારો હેમનો રે લોલ.

માએ કાચા સુતરનો બાંધ્યો હિંચકો રે લોલ,
મારી અંબેમા હીંચવા આવો હિંડોળો મારો હેમનો રે લોલ.

# માતાજીના ઊંચા મંદિર

માતાજીના ઊંચા મંદિર નીચા મોલ,
ઝરૂખડે દીવા બળે રે લોલ!

રાધાગોરી, ગરબે રમવા હાલો,
સાહેલી સહુ ટોળે વળી રે લોલ!

ક્યાં છે મારા રામસીંગભાઈના ગોરી
મુખલડે અમી ઝરે રે લોલ!

ક્યાં છે મારા વીરસીંગભાઈના ગોરી!
હાથલડે હીરા જડ્યા રે લોલ!

ક્યાં છે મારે રૂપસીંગભાઈના ગોરી,
પગલડે પદમ જડ્યા રે લોલ!

માતાજીના ઊંચા મંદિર નીચા મોલ,
ઝરુખડે દીવા બળે રે લોલ!

# માને પાંચે તે ગરબા મનગમતા

માને પાંચે તે ગરબા મનગમતા મારી સૈયરુએ,
માને પેલો તે ગરબો રૂપાનો મારી સૈયરુએ.
કિયા માડી ગરબે ઘૂમી જાય હાલો જોવા જઈએ,
માડી અંબે માડી ગરબે ઘૂમી જાય હાલો જોવા જઈએ.
　　　　માને પાંચે૦
માને બીજો તે ગરબો સોનાનો મારી સૈયરુએ.
કિયા માડી ગરબે ઘૂમી જાય હાલો જોવા જઈએ,
માડી ચામુંડ માડી ગરબે ઘૂમી જાય હાલો જોવા જઈએ.
　　　　માને પાંચે૦
માને ત્રીજો તે ગરબો માટીનો મારી સૈયરુએ.
કિયા માડી ગરબે ઘૂમી જાય હાલો જોવા જઈએ,
માડી ખોડલ માડી ગરબે ઘૂમી જાય હાલો જોવા જઈએ.
　　　　માને પાંચે૦
માને ચોથો તે ગરબો ચાંદીનો મારી સૈયરુએ.
કિયા માડી ગરબે ઘૂમી જાય હાલો જોવા જઈએ,
માડી રાંદલ માડી ગરબે ઘૂમી જાય હાલો જોવા જઈએ.
　　　　માને પાંચે૦
માને પાંચમો તે ગરબો રૂપાનો મારી સૈયરુએ.
કિયા માડી ગરબે ઘૂમી જાય હાલો જોવા જઈએ,
માડી દશામાં ગરબે ઘૂમી જાય હાલો જોવા જઈએ.
　　　　માને પાંચે૦

# માનો ગરબો રે રમે રાજ ને દરબાર

માનો ગરબો રે , રમે રાજને દરબાર

રમતો ભમતો રે આવ્યો કુંભારીને દ્વાર
એલી કુંભારીની નાર તું તો સુતી હોય તો જાગ
માને ગરબે રે રૂડા કોડિયાં મેલાવ

માનો ગરબો રે , રમે રાજને દરબાર

રમતો ભમતો રે આવ્યો સોનીડાને દ્વાર
એલી સોનીડાની નાર તું તો સુતી હોય તો જાગ
માને ગરબે રે રૂડા જાળીયા મેલાવ

માનો ગરબો રે , રમે રાજને દરબાર

રમતો ભમતો રે આવ્યો ઘાંચીડાને દ્વાર
એલી ઘાંચીડાની નાર તું તો સુતી હોય તો જાગ
માને ગરબે રે રૂડા દિવેલીયા પુરાવ

માનો ગરબો રે, રમે રાજને દરબાર

# મારે તે ગામડે એક વાર આવજો

મારે તે ગામડે એક વાર આવજો

હે આવો ત્યારે મને સંદેશો કહાવજો
મારે તે ગામડે એક વાર આવજો

મારાં માખણીયા મીઠાં મીઠાં ચાખજો
મારે તે ગામડે એક વાર આવજો

મીઠાં માખણથી ભરી મટકી મારી આજ
મનમોહન આવો તમે માખણ ખાવા કાજ

સૂનાં સૂનાં છે ગામ રાધાના શ્યામ વિના
સૂનું સૂનું છે ગામ આજે ઘનશ્યામ વિના

અંતરનાં દ્વાર કહો ક્યારે ઉઘાડશો
મીઠી મીઠી મોરલી ક્યારે વગાડશો

હે જમનાને તીર રાસ ક્યારે રચાવશો
મારે તે ગામડે એક વાર આવજો

વાગ્યા મૃદંગ હો રે.. જાગ્યા ઉમંગ કંઈ
આવ્યા પ્રસંગ રંગભીના હો

મારાં માખણીયા મીઠાં મીઠાં ચાખજો
મારે તે ગામડે એક વાર આવજો

# મારો સોનાનો, ઘડુલો રે

મારો સોનાનો, ઘડુલો રે
હા, પાણીડાં છલકે છે હા,પાણીડાં છલકે છે
હે ઘૂંઘટની ઓરકોર હે પાલવની ઓરકોર
ગોરું મુખલડું મલકે છે હા, પાણીડાં છલકે છે
હે પચરંગી પાઘડી વા'લાને બહુ શોભે રાજ
હે નવરંગી ચૂંદડી ચટકે ને મન મોહે રાજ
હે ઘૂંઘટની ઓરકોર હે પાલવની ઓરકોર
ગોરું મુખલડું મલકે છે હા, પાણીડાં છલકે છે
મારો સોનાનો, ઘડુલો રે
હા, પાણીડાં છલકે છે હા,પાણીડાં છલકે છે
હે અંગે અંગરખું વા'લાને બહુ શોભે રાજ
હે રેશમનો ચણિયો ચટકે ને મન મોહે રાજ
હે ઘૂંઘટની ઓરકોર હે પાલવની ઓરકોર
ગોરું મુખલડું મલકે છે હા, પાણીડાં છલકે છે
મારો સોનાનો, ઘડુલો રે
હા, પાણીડાં છલકે છે હા,પાણીડાં છલકે છે
હે માથડિયે ઝૂલફાં વા'લાને બહુ શોભે રાજ
હે અંબોડે ફૂલડાં ચટકે ને મન મોહે રાજ
હે ઘૂંઘટની ઓરકોર હે પાલવની ઓરકોર
ગોરું મુખલડું મલકે છે હા, પાણીડાં છલકે છે
મારો સોનાનો, ઘડુલો રે
હા, પાણીડાં છલકે છે હા,પાણીડાં છલકે છે

# મેંદી રંગ લાગ્યો

મેંદી તે વાવી માળવે ને, એનો રંગ ગયો ગુજરાત રે મેંદી રંગ લાગ્યો
નાનો દિયરડો લાડકો જે, કંઇ લાવ્યો મેંદીનો છોડ રે મેંદી રંગ લાગ્યો
વાટી ઘૂંટીને ભર્યો વાટકો ને, ભાભી રંગો તમારા હાથ રે મેંદી રંગ લાગ્યો
હાથ રંગીને વીરા શું રે કરું? એનો જોનારો પરદેશ રે મેંદી રંગ લાગ્યો
લાખ ટકા આલું રોકડા, કોઈ જાવ જો દરિયા પાર રે મેંદી રંગ લાગ્યો
શોક્યના સાહ્યબાને જઈ એટલું કેજો તારી બેની પરણે ઘરે આવ્ય રે મેંદી રંગ લાગ્યો
બેની પરણે તો ભલે પરણે એની ઝાઝા દી રોકજો જાન રે મેંદી રંગ લાગ્યો
શોક્યના સાહ્યબાને જઈ એટલું કેજો તારો વીરો પરણે ઘરે આવ્ય રે મેંદી રંગ લાગ્યો
વીરો પરણે તો ભલે પરણે એની જાડેરી જોડજો જાન રે મેંદી રંગ લાગ્યો
શોક્યના સાહ્યબાને જઈ એટલું કેજો તારી માડી મરે ઘરે આવ્ય રે મેંદી રંગ લાગ્યો
માડી મરે તો ભલે મરે એને બાળજો બોરડી હેઠ રે મેંદી રંગ લાગ્યો
શોક્યના સાહ્યબાને જઈ એટલું કેજો કે તારી માનેતીની ઊઠી આંખ રે મેંદી રંગ લાગ્યો
હાલો સિપાઈઓ, હાલો બંધુડા, હવે હલકે બાંધો હથિયાર રે મેંદી રંગ લાગ્યો
મેંદી તે વાવી માળવે ને, એનો રંગ ગયો ગુજરાત રે

# મોરલીયો ટહુકા કરતો જાય

મોરલીયો ટહુકા કરતો જાય, મોરલીયો ટહુકા કરતો જાય.

પેલો તે ટહુકો ઉડીને આવ્યો મા અંબેમાને દ્વાર,
અંબેમાને જઈને કે જે આવજો અવસર દ્વાર. -મોરલીયો૦

બીજો તે ટહુકો ઉડીને આવ્યો મા ચામુંડમાને દ્વાર,
ચામુંડમાને જઈને કે જે આવજો અવસર દ્વાર. -મોરલીયો૦

ત્રીજો તે ટહુકો ઉડીને આવ્યો મા ખોડલમાને દ્વાર,
ખોડલમાને જઈને કે જે આવજો અવસર દ્વાર. -મોરલીયો૦

ચોથો તે ટહુકો ઉડીને આવ્યો મા દશામાને દ્વાર,
દશામાને જઈને કે જે આવજો અવસર દ્વાર. -મોરલીયો૦

પાંચમો તે ટહુકો ઉડીને આવ્યો મા અંબેમાને દ્વાર,
અંબેમાને જઈને કે જે આવજો અવસર દ્વાર. -મોરલીયો૦

# રંગતાળી રંગતાળી

રંગતાળી રંગતાળી રંગતાળી રે રંગમાં રંગતાળી
મા ગબ્બરના ગોખવાળી રે રંગમાં રંગતાળી
મા ચાચડના ચોકવાળી રે રંગમાં રંગતાળી
મા મોતીઓના હારવાળી રે રંગમાં રંગતાળી
મા ઘીના દીવડાવાળી રે રંગમાં રંગતાળી
મા ચુંવાળના ચોકવાળી રે રંગમાં રંગતાળી
મા અંબે આરાસુરવાળી રે રંગમાં રંગતાળી
મા કાળી તે પાવાવાળી રે રંગમાં રંગતાળી
મા કલકત્તામાં દિસે કાળી રે રંગમાં રંગતાળી
મા અમદાવાદે ભદ્રકાળી રે રંગમાં રંગતાળી
મા દૈત્યોને મારવાવાળી રે રંગમાં રંગતાળી
મા ભક્તોને મન વહાલી રે રંગમાં રંગતાળી
માએ કનકનો ગરબો લીધો રે રંગમાં રંગતાળી
તેમાં રત્નનો દીવડો કીધો રે રંગમાં રંગતાળી
માંહી બત્રીસ બત્રીસ જાળી રે રંગમાં રંગતાળી
માંહી નાના તે વિધની ભાત રે રંગમાં રંગતાળી
માએ શણગાર સજ્યા સોળે રે રંગમાં રંગતાળી
મા ફરે રે કંકુડાં ઘોળી રે રંગમાં રંગતાળી
માને નાકે શોભે સોનાની વાળી રે રંગમાં રંગતાળી
ક્યાંય મળતી નથી જોડ તેની રે રંગમાં રંગતાળી
માની ઓઢણીમાં વિવિધ ભાત્યું રે રંગમાં રંગતાળી
ભટ્ટ વલ્લભને જોયાની ખાંત્યુ રે રંગમાં રંગતાળી
રંગતાળી રંગતાળી રંગતાળી રે રંગમાં રંગતાળી

# રંગે રમે આનંદે રમે

રંગે રમે આનંદે રમે રે, આજ નવદુર્ગા રંગે રમે

આદિત્યે આવિયા અલબેલી
મંડપમાં મતવાલા રે ભમે, આજ નવદુર્ગા રંગે રમે

સોળે શણગાર માના અંગે સુહાવે
હીરલા રતન માને અરૂણા સમે, આજ નવદુર્ગા રંગે રમે

મંગળવારે માજી છે ઉમંગમાં
ચાચર આવીને ગરબે રમે, આજ નવદુર્ગા રંગે રમે

બુધવારે માજી બેઠા વિરાજે
રાસ વિલાસ માએ ગાયો છે, આજ નવદુર્ગા રંગે રમે

ગુરુવારે મા ગરબે રમે છે
ચંદન પુષ્પ તે માને ગમે, આજ નવદુર્ગા રંગે રમે

શુક્રવારે માજી ભાવ ધરીને
હેતે રમે તે માને ગમે, આજ નવદુર્ગા રંગે રમે

શનિવારે મહાકાળી થયા છે
ભક્ત ભોજન માને ગમતા જમે, આજ નવદુર્ગા રંગે રમે

વલ્લભ કહે માને ભાવે ભજો ને
રાસ વિલાસ ગાયો સૌએ અમે, આજ નવદુર્ગા રંગે રમે

## રાંદલ છે દયાળી દડવાવાળી રાંદલ છે દયાળી

રાંદલ છે દયાળી દડવાવાળી રાંદલ છે દયાળી
ભક્તોના દુઃખ હરનારી દડવાવાળી રાંદલ છે દયાળી

ધુપ ને દીપ કરી આરતી ઉતારુ ,
પ્રેમે પૂજા કરું તારી દડવાવાળી રાંદલ છે દયાળી

નવસો નવાણું હોશ ડુબાડ્યા,
નવ નવ નોરતાં રમવા પધારો
દુઃખીયાના દુઃખ હરનારી દડવાવાળી રાંદલ છે દયાળી

ગરબી મંડળની બાળાઓ માંગે
માંગે છે ભક્તિ તમારી દડવાવાળી રાંદલ છે દયાળી

રમો રમો રન્નાદે માડી દડવાવાળી
માડી રાધામંડળ પુરનારી રન્નાદે દડવાવાળી રાંદલ છે દયાળી

# રાંદલમાનો દીવડો

વરસે ભલે વાદળીને વાયુ ભલે વાય, (૨)
રાંદલમાનો દીવડો તોયે ન બુજાય તોયે ન બુજાય.
ભલે આવે ને આંધી ને તુફાન આંધી ને તુફાન, (૨)
રાંદલમાનો દીવડો તોયે ન બુજાય તોયે ન બુજાય.
ભલે ને આતમ આખા સળગી જાય સળગી જાય, (૨)
રાંદલમાનો દીવડો તોયે ન બુજાય તોયે ન બુજાય.

# રાધા ગોવાલડીના ઘર પછવાડે

રાધા ગોવાલડીના ઘર પછવાડે
મોહન મોરલી વગાડે જો,
ઈ રે વાગે ને મુને સટપટી લાગે
નૈણો માં નીંદર ન આવે જો

સરખી સહેલી મળી ગરબે ઘુમતા
રાધિકાને કાળીનાગ ડંખ્યો જો
ડાબે અંગૂઠડે સર્પડંખ દીધો
તનમાં લાહ્યું લાગી જો
વાટકીમાં વાટિયા ને ખાંડણીમાં ખાંડિયા
ઓહળીયા લેપ લગાવ્યા જો
તો યે રાધિકાના વિષના ઉતર્યા
બમણી લાહ્યું લાગી જો

પાટણ શહેરથી વૈદ તેવાડ્યા
વીરા મારા વિષડા ઉતારો જો
સાવ રે સોનાનો મારો હારલો રે આલું
રૂપલે તુને મઠાવું જો

# રાધાજીનાં ઊંચાં મંદિર

રાધાજીનાં ઊંચાં મંદિર નીચા મો'લ,
ઝરૂખડે દીવા બળે રે લોલ.

રાધા ગોરી ! ગરબે રમવા આવો !
સાહેલી સહુ ટોળે વળે રે લોલ.

ત્યાં છે મારા રૂપસંગ ભાઇની ગોરી,
હાથડીએ હીરા જડ્યા રે લોલ.

ત્યાં છે મારા માનસંગ ભાઇની ગોરી,
પગડીએ પદમ જડ્યાં રે લોલ.

ત્યાં છે મારા ધીરસંગ ભાઇની ગોરી,
મુખડલે અમી ઝરે રે લોલ.

રાધાજીનાં ઊંચાં મંદિર નીચા મો'લ,
ઝરૂખડે દીવા બળે રે લોલ.

રાધા ગોરી ! ગરબે રમવા આવો !
સાહેલી સહુ ટોળે વળે રે લોલ.

# રૂડે ગરબે રમે છે દેવી અંબિકા

રૂડે ગરબે રમે છે દેવી અંબિકા રે લોલ
પાય વાગે છે ઘુઘરીના ઘમકાર રે લોલ... રૂડે ગરબે

આકાશમાંથી સૂર્ય જોવા આવીયા રે લોલ
સાથે દેવી રન્નાદેને લાવીયા રે લોલ... રૂડે ગરબે

આકાશમાંથી ચંદ્ર જોવા આવીયા રે લોલ
સાથે દેવી રોહીણી ને લાવીયા રે લોલ... રૂડે ગરબે

ઈંદ્રલોકમાંથી ઈંદ્ર જોવા આવીયા રે લોલ
સાથે દેવી ઈન્દ્રાણીને લાવીયા રે લોલ... રૂડે ગરબે

સ્વર્ગમાંથી વિષ્ણુ જોવા આવીયા રે લોલ
સાથે દેવી લક્ષ્મીજીને લાવીયા રે લોલ... રૂડે ગરબે

બ્રહ્મ લોકમાંથી બ્રહ્મ જોવા આવિયા રે લોલ
સાથે દેવી બ્રહ્માણીને લાવીયા રે લોલ... રૂડે ગરબે

પાતાળમાંથી શેષ નાગ આવીયા રે લોલ
સાથે સર્વે નાગણીઓને લાવીયા રે લોલ. ... રૂડે ગરબે

# વા વાયા ને વાદળ ઉમટ્યા

વા વાયા ને વાદળ ઊમટ્યાં,
ગોકુળમાં ટહુક્યા મોર,
મળવા આવો સુંદીરવર શામળિયા.

તમે મળવા તે ના'વો શા માટે
નહીં આવો તો નંદજીની આણ ... મળવા.

તમે ગોકુળમાં ગોધન ચોરંતા,
તમે છો રે સદાના ચોર ... મળવા.

તમે કાળી તે કામળી ઓઢંતા,
તમે ભરવાડના ભાણેજ ... મળવા.

તમે વ્રજમાં તે વાંસળી વાજંતા,
તમે ગોપીઓના ચિત્તના ચોર ... મળવા.

મહેતા નરસિંહના સ્વામી શામળિયા,
એમને તેડી રમાડ્યા રાસ ... મળવા.

# સાચી રે મારી સત રે ભવાની મા

સાચી રે મારી સત રે ભવાની મા, અંબા ભવાની મા
હું તો તારી સેવા કરીશ મૈયા લાલ
નવ નવ નોરતાં પૂજાઓ કરીશ મા
વિરાટનો ગરબો તારો ઝીલીશ મૈયા લાલ... સાચી રે મારી

જ્યોતિમાં એક તારી છે જ્યોતિ
માતા સતનું ચમકે છે મોતી
માડી રે મારી શક્તિ ભવાની મા
હું તો તારી આરતી ઉતારું મૈયા લાલ... સાચી રે મારી

શક્તિ રે તું તો જગની જનેતા મા
ભોળી ભવાની મા અંબા ભવાની માત
હું તો તારા પગલાં પૂજીશ મૈયા લાલ... સાચી રે મારી

જગમાં તેં જ એક માયા રચાવી
દર્શન દેવા તું સામે રે આવી
માડી રે આવો રમવા ભવાની મા ... સાચી રે મારી

હું તો તારાં વારણાં લઈશ મૈયા લાલ
સાચી રે મારી સત રે ભવાની મા, અંબા ભવાની મા

# સાથીયા પુરાવો દ્વારે

સાથીયા પુરાવો દ્વારે, દિવાડા પ્રગટાવો રાજ...
આજ મારે આંગણે પધારશે માં પાવાવાળી..

વાંઝિયાનો મેણો ટાળી રમવા રાજકુમાર દે માં, ખોળાનો ખુંદનાર દે
કુંવારી કન્યાને માડી મનગમતો ભરથાર દે માં,
પ્રિતમજીનો પ્યાર દે

નિર્ધનને ધનધાન આપે, રાખે માડી સૌની લાજ
આજ મારે આંગણે પધારશે માં પાવાવાળી..

કુમકુમ પગલા ભરશે માડી સાતે પેઢી તરશે
આદ્યશક્તિ માં પાવાવાળી પીડા જનમ જનમની હરશે

દૈ દૈ તાળી ગાઓ આજ વાજિંત્રો વગડાવો રાજ
આજ મારે આંગણે પધારશે માં પાવાવાળી..

# સોનાનો ગરબો શિરે

સોનાનો ગરબો શિરે
અંબે મા ચાલો ધીરે ધીરે
ચાલો ધીરે ધીરે ચાલો ધીરે ધીરે
ચાલો ધીરે ધીરે ચાલો ધીરે ધીરે
ચાલો ધીરે ધીરે ધીરે

લટકે મટકે રાસ રમે છે
દક્ષિણીના તીરે
અંબે મા ચાલો ધીરે ધીરે
ચાલો ધીરે ધીરે ચાલો ધીરે ધીરે
ચાલો ધીરે ધીરે ચાલો ધીરે ધીરે
ચાલો ધીરે ધીરે ધીરે

સોનાનો ગરબો શિરે
અંબે મા ચાલો ધીરે ધીરે

સખીઓ સંગે કેવા દીસે છે
ફરર ફૂદડી ફીરે
અંબે મા ચાલો ધીરે ધીરે
ચાલો ધીરે ધીરે ચાલો ધીરે ધીરે
ચાલો ધીરે ધીરે ચાલો ધીરે ધીરે
ચાલો ધીરે ધીરે ધીરે

સોનાનો ગરબો શિરે
અંબે મા ચાલો ધીરે ધીરે

ચૂંદડી ચટકે મુખડું મલકે
હાર ગળા હેમ હીરે
અંબે મા ચાલો ધીરે ધીરે
ચાલો ધીરે ધીરે ચાલો ધીરે ધીરે
ચાલો ધીરે ધીરે ચાલો ધીરે ધીરે
ચાલો ધીરે ધીરે ધીરે

સોનાનો ગરબો શિરે
અંબે મા ચાલો ધીરે ધીરે

ઝાંઝ પખવાજ ને વીણા જંતર વાગે
વાગે મંજીરા ધીરે ધીરે
અંબે મા ચાલો ધીરે ધીરે
ચાલો ધીરે ધીરે ચાલો ધીરે ધીરે
ચાલો ધીરે ધીરે ચાલો ધીરે ધીરે
ચાલો ધીરે ધીરે ધીરે

સોનાનો ગરબો શિરે
અંબે મા ચાલો ધીરે ધીરે

# હા હા રે ઘડુલીયો

ગોપીઓ નદી કિનારે જળ ભરવા માટે જાય છે. જળ ભરીને વારા ફરથી એક બીજાના માથા પર બેડલું ચઢાવે છે પણ છેલ્લે એક ગોપી રહી જાય છે. કોણ તેના માથા પર પાણી ભરેલું બેડલું ચઢાવે? આ સમયે ત્યાંથી બાળ ગોવિંદ નટખટ શ્રી કૃષ્ણ પસાર થાય છે ત્યારે ગોપી તેમને બેડલું માથે ચઢાવવા માટે વિનંતી કરે છે. આ વિનંતી માટે ગોપી શ્રી કૃષ્ણના જે વખાણ કરે છે તે નીચે પ્રસ્તુત ગરબામાં વર્ણવેલ છે.

હા હા રે ઘડુલીયો ચઢાવ રે ગિરધારી...
ઘરે વાટ્યું જુએ છે માં મોરી રે, બેડલું ચઢાવ રે ગિરધારી...

તારા માથાનો અંબોડો રે ગિરધારી...
જાણે છૂટ્યો તેજીનો ઘોડો રે, બેડલું ચઢાવ રે ગિરધારી...

તારી આંખોનો ઉલાળો રે ગિરધારી...
જાણે દરિયાનો હિલોળો રે, બેડલું ચઢાવ રે ગિરધારી...

તારી નાકડિયાની દાંડી રે ગિરધારી...
જાણે દીવડીએ શગ માંડી રે, બેડલું ચઢાવ રે ગિરધારી...

તારા હાથની કલાયું રે ગિરધારી...
જાણે સોનાની શરણાયું રે, બેડલું ચઢાવ રે ગિરધારી...

તારા હાથની હથેળી રે ગિરધારી...
જાણે બાવળ પરની થાળી રે, બેડલું ચઢાવ રે ગિરધારી...

તારા હાથ ની આંગળીયું રે ગિરધારી...
જાણે ચોળા-મગની ફાળિયું રે, બેડલું ચઢાવ રે ગિરધારી...

તારા પેટડીયાનો ફંદો રે ગિરધારી...
જાણે પૂનમ કેરો ચાંદો રે, બેડલું ચઢાવ રે ગિરધારી...

તારા વાંસાનો વળાંકો રે ગિરધારી...
જાણે સરપનો સબાકો રે, બેડલું ચઢાવ રે ગિરધારી...

# હે મારે મહિસાગરને આરે

હે મારે મહિસાગરને આરે ઢોલ વાગે સે
વાગે સે, ઢોલ વાગે સે
હે મારે મહિસાગરને આરે ઢોલ વાગે સે

ગામ ગામનાં સોનીડા આવે સે
એ આવે સે, હુ લાવે સે
મારા માની નથણીયું લાવે સે
મારે મહિસાગરને આરે ઢોલ વાગે સે

ગામ ગામનાં સુથારી આવે સે
એ આવે સે, હુ લાવે સે
મારી માનો બાજોઠીયો લાવે સે
મારે મહિસાગરને આરે ઢોલ વાગે સે

ગામ ગામનાં દોશીડા આવે સે
એ આવે સે, હુ લાવે સે
મારી માની ચુંદડીયો લાવે સે
મારે મહિસાગરને આરે ઢોલ વાગે સે

હે મારે મહિસાગરને આરે ઢોલ વાગે સે
વાગે સે, ઢોલ વાગે સે
હે મારે મહિસાગરને આરે ઢોલ વાગે સે

# હે રંગલો

હે રંગલો,
જામ્યો કાલંદરી ને ઘાટ,
છોગાળા તારા,
હો રે છબીલા તારા,
હો રે રંગીલા તારા
રંગભેરૂ જુએ તારી વાટ, રંગલો...
હે હાલ્ય હાલ્ય હાલ્ય,
વહી જાય રાત વાત માં ને,
માથે પડશે પ્રભાત,
છોગાળા તારા,
હો રે છબીલા તારા,
હો રે રંગીલા તારા રંગભેરૂ જુએ તારી વાટ, રંગલો.
હે રંગરસીયા,
હે રંગરસીયા તારો રાહડો માંડી ને, ગામને છેવાડે બેઠા,
કાના તારી ગોપલીએ, તારે હાટુ તો કામ બધા મેલ્યાં હેઠાં.
હે તને બરકે તારી જશોદા તારી માત...
છોગાળા તારા,
હો રે છબીલા તારા,
હો રે રંગીલા તારા રંગભેરૂ જુએ તારી વાટ, રંગલો.
મારા પાલવ નો છેડલો મેલ,
છોગાળાઓ છેલકે
મન મારું મલકે છે.
એ હું મોરલો ને તું તો મારી ઢેલ,

હું છોડવો તું વેલકે
મન મારું ધડકે છે.
હે હે હે.....હે જી
સાંજ ને સુમારેજ્યારે સુર જ્યાં નમે
નર નાર લગે તારસંગ રંગ રમે
કોઇ રૂપની કટોરી, કોઇ રૂપનો કટોરો
કોઇ શ્યામ, કોઇ ગોરો
રમે છોરી અને છોરો
ધરણી ધમધમે.....
હે જી રે.....તુર તુર તુર
ગાંડીતુર શરણાઇ કેરા સુર
વીંધે ઉર ચકચુર
સંગે તાલ ને નુપુર
તારુ પાદર ને પુર
સામ સામ સામે
હે જીણું જીણું વાગતી રે વેણુંરે
ને ગામને પાદર ઉડતી રે રેણું
ને નાચતી રે આવે કોઇ ગામની રે ઘેનું
છેલ રે છબીલી નાર છમ્ છમ્ છમે.

છેલ રે છબીલી નાર છમ્ છમ્ છમે.

# હો મારવાડા

તમે એક વાર મારવાડ જાજો રે મારવાડા
તમે મારવાડથી મેંદી લાવજો રે મારવાડા

તમે ઓલું લાવજો, પેલું લાવજો
પાન સોપારી પાનના બીડાં, એલચી દાણા
હોં કે પેલું લાવજો રે, મારવાડા

તમે એક વાર જામનગર જાજો રે મારવાડા
તમે જામનગરથી લેરિયું લાવજો રે મારવાડા

તમે ઓલું લાવજો, પેલું લાવજો
પાન સોપારી પાનના બીડાં, એલચી દાણા
હોં કે પેલું લાવજો રે, મારવાડા
તમે કચકડાની બંગડી લાવજો રે મારવાડા

તમે એક વાર ઘોઘા જાજો રે મારવાડા
તમે ઘોઘાના ઘૂઘરા લાવજો રે મારવાડા

તમે ઓલું લાવજો, પેલું લાવજો
પાન સોપારી પાનના બીડાં, એલચી દાણા
હોં કે પેલું લાવજો રે, મારવાડા
તમે કચકડાની ડાબલી લાવજો રે મારવાડા

તમે એક વાર પાટણ જાજો રે મારવાડા
તમે પાટણથી પટોળા લાવજો રે મારવાડા

તમે ઓલું લાવજો, પેલું લાવજો
પાન સોપારી પાનના બીડાં, એલચી દાણા
હોં કે પેલું લાવજો રે, મારવાડા
તમે કચકડાની કાંસકી લાવજો રે મારવાડા

તમે એક વાર ચિત્તળ જાજો રે મારવાડા
તમે ચિત્તળથી ચૂંદડી લાવજો રે મારવાડા

તમે ઓલું લાવજો, પેલું લાવજો
પાન સોપારી પાનના બીડાં, એલચી દાણા
હોં કે પેલું લાવજો રે, મારવાડા

તમે એક વાર મારવાડ જાજો રે મારવાડા
તમે મારવાડથી મેંદી લાવજો રે મારવાડા

# હો રંગ રસિયા!

હો રંગ રસિયા! ક્યાં રમી આવ્યા રાસ જો
આંખલડી રાતી ને ઉજાગરો ભારે કીધો

આજ અમે ગ્યા'તા સોનીડાને હાટ જો
આ ઝાલઝૂમણા વહોરતાંને, વ્હાણલાં વાહી ગયાં

હો રંગ રસિયા! ક્યાં રમી આવ્યા રાસ જો
આંખલડી રાતી ને ઉજાગરો ભારે કીધો

આજ અમે ગ્યા'તા મણિયારાને હાટ જો
આ ચૂડલડો ઉતરાવતાં, વ્હાણલાં વાહી ગયાં

હો રંગ રસિયા! ક્યાં રમી આવ્યા રાસ જો
આંખલડી રાતી ને ઉજાગરો ભારે કીધો

આજ અમે ગ્યા'તાં કસુંબીને હાટ જો
આ ચૂંદલડી વહોરતાંને, વ્હાણલાં વાહી ગયાં

હો રંગ રસિયા! ક્યાં રમી આવ્યા રાસ જો
આંખલડી રાતી ને ઉજાગરો ભારે કીધો

આજ અમે ગ્યા'તાં મોચીડાને હાટ જો
આ મોજડિયું મૂલવતાંને, વ્હાણલાં વાહી ગયાં

હો રંગ રસિયા! ક્યાં રમી આવ્યા રાસ જો
આંખલડી રાતી ને ઉજાગરો ભારે કીધો